લા ઈકરાહ ફિદ્દીન (સૂરહ બકરહ)
અર્થ : ધર્મમાં કોઈ બળજબરી નથી)

# ઈસ્લામની ઓળખ


-: રજૂકર્તા :-
પીર સૈયદ હાજી દાદામિયાં 'મુહિબ' એસ કાદરી
મુ. રૂપાલ, તા-બાવલા ૩૮૨૨૨૦



-: પ્રકાશક :-
સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, તા-બાવલા - ૩૮૨૨૨૦

લાઈકરાહા ફીદદીન (સૂરહ બકરહ)
અર્થ : ધર્મમાં કોઈ બળજબરી નથી)

# ઈસ્લામની ઓળખ


-: રજૂકર્તા :-

પીર સૈયદ હાજી દાદામિયાં એસ કાદરી 'મુહિબ'

મુ. રૂપાલ, તા-બાવલા ૩૮૨૨૨૦



-: પ્રકાશક :-

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, તા-બાવલા - ૩૮૨૨૨૦

કિતાબનું નામ :- ઇસ્લામની ઓળખ

સંપાદક :- **પીર સૈયદ હાજી દાદામિયાં**

**શમ્સુદીન કાદરી 'મુહિબ'**

મુ. રૂપાલ, તા. બાવલા, જી. અહમદાબાદ

પીન. ૩૮૨૨૨૦

આવૃત્તિ :- બીજી

ખિદમત સીરીઝ :- નં. ૩૦

પ્રત :- ૨૦૦૦

હીજરી સન :- ૧૪૩૯

ઈસ્વી સન :- ૨૦૧૮

કિંમત :- મફત

પ્રિન્ટર્સ :- કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ

અહમદઆબાદ.

પ્રકાશક :- **સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી.**

મુ. રૂપાલ, તા. બાવલા.

જી. અહમદાબાદ - ૩૮૨૨૨૦

૭૮૬/૯૨

# ઇસ્લામની ઓળખ

કેટલાક ઈર્ષાળુઓએ ઈસ્લામનો સંપૂર્ણ અભ્યાસ કર્યા સિવાય અમુક જાહિલ (અજ્ઞાન) અને ફાસીક (દુરાચારી) મુસલમાનોના અમલો (કૃત્યો) ને ઈસ્લામી તાલીમ સમજી લઈને, ઈસ્લામ વિરૂદ્ધ ઉપજાવી કાઢેલા આક્ષેપો કરીને મઝહબે ઈસ્લામને બદનામ કરવાની નિષ્ફળ કોશીશો કરી છે. અને કરી પણ રહ્યા છે.

આ માટે બે બાબતો જવાબદાર છે. એક તો આપણામાં રહેલી જહાલત (અજ્ઞાનતા) જે આપણને ઈસ્લામી સહી તરીકાથી દૂર રાખે છે. આપણા રીતરિવાજ રહેણી કરણી, કારોબાર, વિગેરે ઈસ્લામી તરીકા મુજબ હોતા નથી. તેથી ગૈર કૌમ (બીન મુસ્લિમો) તેને મુસલમાનોની કે ઈસ્લામી તાલીમ સમજીને ઈસ્લામને બદનામ કરે છે. એટલે કે આપણો ખુદનો બીન ઈસ્લામી અમલ ઈસ્લામને બદનામ કરવા જવાબદાર ઠરે છે.

બીજી બાબત એ છે કે આપણા ઉલ્માએ કિરામ પીરાને ઉઝામ, લેખકો, શાયરો વિગેરે ઈસ્લામનો સાચો પરિચય ગૈર કૌમને આપતા નથી. તેથી ગૈર કૌમ ઈસ્લામની અસલીયતથી અજાણ (બેખબર) રહેવાના કારણે ઈસ્લામ વિરૂદ્ધ જેમ તેમ બોલે છે, લખે છે, અને સમજે છે. માટે આજની અગર કોઈ તાતી જરૂરીયાત હોય તો એ છે કે આજનો મુસલમાન પોતે ઈસ્લામ વિશે પુરી માહિતી મેળવે અને ઈસ્લામી આદેશાનુસાર જીવન જીવે અને ગૈર કૌમ પણ ઈસ્લામનો સાચો અને પુરો અભ્યાસ કુરઆને

શરીફ અને હદીસે પાકની રૌશનીમાં મેળવી લે તો તમામ શંકાઓ દૂર થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

ઈસ્લામની કેટલીક ખાસ વિશિષ્ટતાઓ કુરઆને મજીદ અને હદીસેપાકના નુરાની માધ્યમમાં નિહાળીએ અને તેની સાચી ઓળખ મેળવીએ.

(૧) ઈસ્લામ જ તૌહીદ (એકેશ્વરવાદ) નો મઝહબ (ધર્મ) છે.

(૨) ઈસ્લામ જ રૂહાનીયત (આધ્યાત્મિકતા) નો મઝહબ (ધર્મ) છે.

(૩) ઈસ્લામ જ અખ્લાકે હસના (સુંદર સંસ્કાર) નું શિક્ષણ આપનારો મઝહબ છે.

(૪) ઈસ્લામ જ રહેમ અને અદલ ઈન્સાફનો મઝહબ છે.

(૫) ઈસ્લામ જ ઈલ્મ (વિદ્યા) નો હામી છે.

(૬) ઈસ્લામ જ ભાઈચારાનો મઝહબ છે.

(૭) ઈસ્લામે જ માણસને માણસાઈ અને તેનો દરજ્જો સમજાવ્યો છે.

(૮) ઈસ્લામે જ હુકુમતમાં પ્રજાને ભાગીદાર બનાવી છે. (લોકશાહીની સ્થાપના કરી છે.)

(૯) ઈસ્લામમાં અશપૃશ્યતા (આધડછેટ) નથી.

(૧૦) ઈસ્લામે જ પરસ્પર હક્ક (ફરજ) અદા કરવાની તાલીમ આપી છે.

(૧૧) ઈસ્લામ જ સત્યનો ધર્મ છે.

આ તમામ બાબતોને આપણે ક્રમવાર કુરઆને પાક અને હદીસેપાકમાં જોઈએ અને ઈસ્લામનો પરિચય મેળવીએ.

# (૧) ઇસ્લામ જ તૌહીદ (એકેશ્વારવાદ)નો મઝહબ છે.

વિશ્વમાં જુદા જુદા ધર્મો પળાય છે. ભારતમાં એક કરતાં વધુ ખુદાની પુજા કરનારી કૌમ (મુશ્રીકો) ની સંખ્યા વિશેષ છે. ઈસાઈઓમ પણ હઝરત ઈસા (અલૈહિસ્સલામ) ને ખુદાના બેટા તરીકેની માન્યતા શીર્કમાં દાખલ છે. આમ અનેક કૌમો એક યા બીજી રીતે તૌહીદના અકીદાથી ઘણીજ દૂર હતી. ખુદા પરસ્તી માટે તૌહીદ (એકેશ્વરમાદ) ની જરૂરીયાત પાયાની ઈંટ છે દરેક સમજદાર વ્યક્તિ અલ્લાહ એક હોવા બાબત પર સંમત થાય છે પરન્તુ આ બાબતે સૌથી પહેલાં અને ખુલ્લમ ખુલ્લા એલાન કરનાર મઝહબ ઈસ્લામ છે. જે તૌહીદ (અલ્લાહ એકજ છે.) અને એજ ઈબાદત (બંદગી-પુજા) ને લાયક છે. જુઓ કુરઆને પાકમાં સાફ સાફ ફરમાવવામાં આવ્યું છે કે :-

**"વમા અરસલના મીન કબલેકા મીર રસોલીન ઈલ્લા નુહી એલયહે અન્નહુ લાઈલાહા ઈલ્લા અના ફાઅબોદુન"**
(સુરએ અંબીયા)

(અર્થ : તમારા અગાઉ અમોએ જે રસુલો મોકલ્યા તેઓ ઉપર એજ વહી મોકલી છે. મારા (ખુદા) સિવાય કોઈ માઅબુદ (પુજનીય) નથી માટે તમો સૌ મારીજ ઈબાદત (બંદગી-પુજા) કરો.

**"વાઅબોદુલ્લાહ વલાતુશરેકુ બેહીશૈયઆ"** (સુરે નિશા)

(અર્થ : અલ્લાહ તઆલા ની જ બંદગી કરો અને તેની બંદગી (ઈબાદત-પૂજા) માં કોઈને શરીક (ભાગીદાર) ના બનાવો)

"કુલ હોવલ્લાહો અહદ, અલ્લાહુસ્સમદ, લમ યલીદ વલમ યુલદ વલમ યકુલ્લહુ કોફોવન અહદ." (સુરે ઈખ્લાસ)

(અર્થ : હે મહેબૂબ આપ કહી દો કે અલ્લાહ એક જ છે, અલ્લાહ પવિત્ર અને બેનિયાઝ (નિઃસ્વાર્થ) છે, તેનો કોઈ બાપ નથી અને તે પણ (પોતે) કોઈનો બાપ નથી, તે તો ફક્ત એકલો એક જ છે.

આવી અનેક આયતોથી ખુદા તઆલાની તૌહીદ (એકેશ્વરવાદ) જાહેર થાય છે. જેની તાલીમ ઈસ્લામે આપી છે સારાંશ કે ઈસ્લામ જ તૌહીદનો મઝહબ છે.

તુ વાહીદ હૈ, મગર,
લાખોં દિલો મેં હૈ તેરા મસ્કન
તેરી વહેદતકા ક્યા કહેના
તેરી કસરતકા ક્યા કહેના.

★

## (૨) ઇસ્લામ જ રૂહાનીયત (આધ્યાત્મિકતા) નો મઝહબ છે

જે ધર્મમાં રૂહાનીયત ના હોય તે ધર્મ જ ન કહેવાય. કેટલાક ધર્મોમાં ફક્ત સામાજીક નિતી-નિયમોનું પાલન જ કરવાનું હોય છે. પણ રૂહાનીયત (આધ્યાત્મિકતા) હોતી નથી. જ્યારે ઈસ્લામ રૂહાનીયતના ફૈઝ થી માલામાલ છે જે થકી બંદો ખુદાની ઓળખ મેળવે છે.

બંદો (માનવી) બે વસ્તુઓથી અસ્તિત્વ ધરાવે છે. એક તો

શરીર અને બીજી રૂહ (આત્મા). શરીર ને ટકાવવા ખોરાકની જરૂર પડે છે. ખોરાકથી શરીરનું પોષણ થાય છે. અને તે ન મળે તો શરીર નબળુ પડવા માંડે છે. ખોરાકમાં ભુલ થાય તો શરીર માંદુ પડી જાય છે. તેમ રૂહનો આહાર ખુદાની યાદ (ઝિકરૂલ્લાહ) કે બંદગી-ઈબાદત છે. જેનાથી રૂહને શક્તિ મળે છે. તે પુલકિત થાય છે. રૂહને આહાર ના મળે તો રૂહમાં બગાડ પેદા થાય છે.

. બગડેલા શરીરનો ઈલાજ ડૉક્ટર વૈધ કે હકીમ કરે છે. તેમ બગડેલી રૂહનો ઈલાજ તેના નિષ્ણાંતો જેવા કે પીર, સુફી અને બુઝુર્ગો ની પાસે થાય છે. રૂહાની શક્તિઓ જાણનારા, ઓળખનારા, તેના ઉપાયો સુચવનારા હોય છે તેમની આપેલી તાલીમથી રૂહની તરબીયત થાય છે, અને આ વિષયની તાલીમ પણ ઈસ્લામે આપી છે તે પણ જોઈએ.

હદીસેપાકમાં રૂહાનીયતની તાલીમ ને "અલ-અહેસાન" ના નામથી ઓળખવામાં આવે છે. એક હદીસ જોઈએ.

**"અલ અહસનો અન તાઅબોદુલ્લાહ કઅન્નક તરાહુ ફઈન્નહુ લમતકુન તરાહુ ફઈન્નહુ યરાક"** (બુખારી શરીફ)

(અર્થ : રૂહાનીયત તો એ છે કે તુ અલ્લાહની ઈબાદત એવી રીતે કર કે ઈબાદતમાં તને અલ્લાહ સામેજ નઝર આવે એટલી શક્તિ ન રાખતો હોય તો પછી એવી રીતે ઈબાદત કર કે અલ્લાહ તને જોઈ રહ્યો છે.)

આ હદીસેપાકથી સ્પષ્ટ માલુમ થાય છે કે, ઈબાદતમાં રૂહાનીયત હોય તોજ બંદાની સામે અલ્લાહ હોય અથવા બંદો અલ્લાહની સામે હોય તો જ ઈબાદત યથાર્થ થઈ ગણાય.

ફના અને બકાની તલીમ પણ રૂહાનીયતના માધ્યમનો એક અંશ છે. ઉતરોક્ત હદીસમાં ફઈન્નહુ યરાક શબ્દ પ્રયોગ થયો છે. બંદાને પોતાની જાતને ભુલી જવાનું અને ફક્ત અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રીત કરવાનું શિક્ષણ આપી રહ્યો છે. આ વિષયના નિષ્ણાંતો સુફીયા એ કીરામ (સુફીવાદમાં માનનાર) હોય છે. તેમની સોહબત (સંગ) વિના રૂહાનીયત ની વાતો સમજી શકાતી નથી. ઈસ્લામ માં આજે પણ ફૈઝ ચાલુ છે. પીરી મુરીદી નો સીલસીલો એજ સેવા બજાવી રહ્યો છે.

કુરઆને મજીદમં ઈરશાદે રબ્બાની છે કે **"વલ્લઝી નહ તદવ ઝાદહુમ હુદંવવઆતાહુમ તકવાહુમ"** (સુરએ મોહમ્મદ)

(અર્થ : અને જેમણે હિદાયત (સદમાર્ગ) મેળવ્યો છે અલ્લાહ તેમની હિદાયત વધારે છે. અને તેમને તકવા આપે છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે :-

**"યા અય્યો હન્નફસુલ મુતમઈન્ન તુર જેઈ ઈલા રબ્બેકે રાદીયતમ મરદીયા"** (સુરએ ફજર)

(અર્થ : હે શાંત જીવ ! પોતાના રબની તરફ પાછી ફર, ખુશીની સાથે કે તારો રબ, તારાથી રાજી છે.)

આવી અનેક આયતોથી સાબીત છે કે ઈસ્લામ જ રૂહાનીયત નો મઝહબ છે.

**તસ્બીહ દૂં તો કૌનસી પાકીઝગી સે દું,**
**કોઈ જવાબ હી નહીં; ઉસ લાજવાબ કા**

★

## (૩) ઇસ્લામ જ અખ્લાકે હસના (સુંદર સંસ્કાર)ના શિક્ષણ આપનારો મઝહબ છે

સુસંસ્કારની તાલીમ એ જ ધર્મની સચ્ચાઈની સર્વોત્મ સાબીતી છે. ઈસ્લામે અખ્લાકે હસનાના મુખ્ય ચાર ગુણો વર્ણવ્યા છે. (૧) સબ્ર (૨) શર્મ (૩) હિમ્મત (૪) ઈન્સાફ. આં ચારેય ગુણોથી માણસ માનવી બને છે.

પયગમ્બે ઈસ્લામ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે "પહેલવાન તે નથી જે બીજા પહેલવાનને પછાડી દે. પણ પહેલવાન તો એ કહેવાય જે પોતાના ગુસ્સા ઉપર કાબુ રાખે છે."

કુરઆને મજીદમાં ફરમાને ખુદાવંદી છે.

**"ખોઝિલ અફ્વ વામુર બીલ ઉરફિ વ અઅરીદ અનીલ જાહેલીન"** (સુરએ આરાફ)

(અર્થ : માફી અને દરગુજર ને પોતાની ટેવ બનાવી લો નેક કામ કરવાની હિદાયત આપતા રહો, અને જાહિલ (અજ્ઞાની) થી દૂર રહો.)

હદીસે પાકમાં છે કે **"અલ બીર્રો હુસ્નુલખલક"**

(અર્થ : સારા અખ્લાક જ નેકી છે) બીજી હદીસ માં છે કે :- **"મામીન શયઈન અસકલો ફી મીઝાનીલ મોમીને યૌમીલ કિયામતે મીન ખલકીન હસને"** (તીરમીઝી-અબુદાઉદ)

(અર્થ : કયામતના દિવસે મોમીનના ત્રાંજવામાં સૌથી વધુ વજનદાર વસ્તુ અગર કોઈ હશે તો તેના સારા સંસ્કાર હશે. અને

તેનાથી વધીને બીજી કોઈ વસ્તુ નહીં હોય.)

**જીસ શખ્સકા મખ્લુકસે બરતાવ બુરા હો,**
**ખાલીક કી અદાલતમેં, કહાં ઉસકા ભલા હો.**

★

## (૪) ઇસ્લામ જ રહેમ અને અદલ (ઈન્સાફ) નો મઝહબ છે

રહેમ (દયા) દરેક ધર્મનો પાયો ગણાય છે. કુરઆને પાકની દરેક સૂરહની શરૂઆતમાં **"બિસ્મીલ્લાહ હીર રહમા નીર રહીમ"** લખાય છે, બોલાય છે, અને વંચાય છે. દરેક કાર્યની શરૂઆતમાં બિસ્મીલ્લાહ જરૂર બોલે છે. બિસ્મીલ્લાહ બોલીને શરૂ કરેલા કાર્યમાં બરકત હોય છે. સફળતા હોય છે. બિસ્મીલ્લાહ હીર રહમા નીર રહીમ નો અર્થ જોઈએ "શરૂ કરૂં છું અલ્લાહના નામ થી જે ઘણોજ દયાળુ અને કૃપાળુ છે."

જે ધર્મ દરેક કાર્યની શરૂઆતે દયાળુ અને કૃપાળુ અલ્લાહની યાદ અપાવતો હોય તે ધર્મ દયા વિનાનો કેમ હોઈ શકે ?

કુરઆને મજીદમાં છે કે **"ફતલક્કા આદમો મીર રબ્બેહી કલેમાતીન ફતાબ અલયહ ઈન્નહુ હોવત્તવ્વાબુર્રહીમ"**

(સુરએ બકરહ)

(અર્થ : હજરત આદમ (અલૈહિસ્સલામ) પોતાના રબ પાસેથી થોડીક આયતો શીખી અને તેના કારણે અલ્લાહ તઆલા એ તેમની ભુલ માફ કરી દીધી. નિઃશંક અલ્લાહ તઆલા તૌબા ને

કબુલ કરનાર અને ગુનાહને માફ કરનારો.છે.)

અદલ (ઈન્સાફ) ના મામલામાં ઈસ્લામ અજોડ છે. તેના નિતી નિયમો સૌથી શ્રેષ્ઠ અને ઉચ્ચ છે.

હુકુ કુલ્લાહ (અલ્લાહ ની ફરજો) જે ફરજો (હકકો) અલ્લાહ તઆલા થી સંબંધ ધરાવે છે. (જેવા કે નમાઝ, રોઝા, હજજ, ઝકાત અન્ય અહેકામે ઈલાહી વિગેરે) જેની અદાયગી માં બંદો ભુલ કરે તો તે ભુલ ને ફક્ત અલ્લાહ જ માફ કરે અને તે અલ્લાહનેજ માફ કરવાની હોય છે. અલ્લાહ માફ કરનારો ઘણો મહાન દયાળુ અને કૃપાળુ છે પરન્તુ હોકુ કુલ ઈબાદ (બંદાના હકકો) અદા કરવામાં બંદો ભુલ કરે તો તે ભુલને ન્યાયની ખાતર પણ અલ્લાહ માફ કરતો નથી. અલ્લાહ દયાળુ છે અને કૃપાળુ છે. છતાં બંદાએ બંદાનો હક માર્યો હોય તો અલ્લાહ તેને માફી નહીં આપે કારણ કે માણસ માણસ વચ્ચેના સંબંધો છે. તેમાં કોઈએ કોઈનો હકક માર્યો હોય તો માફી ત્યારે જ મળે કે જેનો હકક માર્યો હોય - દબાવ્યો હોય તે વ્યક્તિ માફ કરે તો જ માફી મળી શકે છે. અને એનું જ નામ સાચો અદલ (ઈન્સાફ-ન્યાય) છે. જુઓ હદીસ શરીફમાં છે કે :-

**"યગફેરૂઝ કુલ્લે ઝંબીલ્લીશ શહીદે ઈલ્લદ દૈન"**

(અર્થ : શહીદના તમામ ગુનાહ માફ થશે પણ દેવું માફ નહીં થાય)

જે માણસ અલ્લાહની રાહમાં પોતાની જાનની કુરબાની આપે, ગરદન કપાવી દે તો ખુદા તઆલા તેના તમામ ગુનાહ (પાપ) ને માફી બક્ષી દે છે પરન્તુ દુનિયામાં જો તે કોઈનો કરજદાર (દેવેદાર) હશે તો જેનું માંગતુ હશે તે વ્યક્તિ જ્યાં સુધી તેને માફી

નહીં આપે ત્યાં સુધી શહીદ જેવો મહાન દરજ્જો મેળવનાર પણ દેવાની અદાયગીમાંથી મુક્તિ મેળવી શકતો નથી. આ છે ન્યાય. ઈન્સાફ, અને અદલ અને રહમદીલી જે ફક્ત ઈસ્લામમાંજ જોવા મળે છે.

**તુ ઉઠા પહેલે યહાં ગીરતે હુવે ઈન્સાન કો**
**બાદમેં ગીર્જા ઉઠા, મસ્જીદ ઉઠા, મંદિર ઉઠા.**

★

## (૫) ઇસ્લામ જ ઇલ્મ
## વિદ્યા-શિક્ષણ નો હામી છે

ખુદા તઆલાની પ્રથમ વહી એટલે કુરઆને પાકની પહેલી આયત જે ઉતારી છે. તેમાં સૌ પ્રથમ પઢવાનો-ભણવાનો કે વાંચવાનો આદેશ આપવામાં આવ્યો અને તે આકાશવાણી (વહીએ ખુદા) આ પ્રમાણે છે.

**"ઇકરા બિસ્મે રબ્બેકલ્લઝી"** (સુરએ અલક)

(અર્થ : પઢો પોતાના રબના નામ થી)

જ્યારે જગતમાં કોઈપ્રણ જગ્યા એ શિક્ષણનું નામો નિશાન ન હતું. અજ્ઞાનતાના ઘોર અંધકારમાં આખુંય વિશ્વ સબડતું હતું ત્યારે આજ થી સાડા ચૌદસો વર્ષ પૂર્વે ઈસ્લામે માનવીને શિક્ષણનો સર્વોત્તમ પાઠ ભણાવ્યો.

ઈસ્લામ સિવાયના લોકો અજ્ઞાનતાને કારણે ખુદાને ત્યજીને ફરીશતાઓ, દેવદેવીઓની પુજા કરતા ત્યારે ઈસ્લામે માનવી ને પોતાનું સ્થાન સમજાવ્યું. માનવ (આદમ) તે મહાન મખ્લુક છે.

જેને ફરિશ્તાઓ એ પણ સીજદો કર્યો છે. ઈસ્લામે એ સમજાવ્યું કે દેવ, દેવતા કે ફરિશ્તાની ઈબાદત થાય નહીં. ઈબાદત-બંદગી-પુજા ને લાયક તો ફક્ત ખુદાજ છે. જેણે ફરિશ્તાને હુકમ કર્યો કે મારા આદમને (તાઝીમી) સિજદો કરો.

ઈલ્મ (જ્ઞાન) ના કારણે માણસનો દરજ્જો વધે છે કુરઆને પાકમાં છે કે **"યરફઉલ્લા હુલ્લઝીન આમનુ મીન કુમ વલ્લઝીના ઉતુલ ઈલ્મ દરજાત"** (સુરએ મુજદલા)

(અર્થ : અલ્લાહ એમના દરજ્જા બુલંદ કરે છે, જેઓ ઈમાનવાળા છે. અને જેઓ એ ઈલ્મ પ્રાપ્ત કર્યું છે.)

કરઆને પાકમાં એક દુઆ આ પ્રમાણે છે.

**"રબ્બે ઝીદની ઈલ્મા"** (સુરએ તાહા)

(અર્થ : હે મારા રબ મારા ઈલ્મ (જ્ઞાન) માં વધારો કર)

પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ફરમાન **"તલબુલ ઈલ્મે ફરીદતુન અલા કુલ્લે મુસ્લેમીંવ વ મુસ્લેમાહ"** (બુખારી શરીફ)

(અર્થ : દરેક મુસ્લિમ પુરૂષ અને સ્ત્રી ઉપર શિક્ષણ મેળવવું ફર્ઝ છે.)

જ્યાં શિક્ષણ મેળવવુ ફરજ હોય (ફરજીયાત હોય) ત્યાં તેની કદરો કિંમત કેટલી હશે તે સમજી શકાય એવી વાત છે.

**સજાયા જહાં ઈલ્મો હિકમત સે હમને**
**હિદાયત સે, ઉલ્ફત સે, શૌકતસે હમને.**
**જહાં ભી ગયે હમ, ગયે બનકે રહેબર**
**મુસલમાં હૈં હમ, ઉમ્મતે શાહે સરવર**

## (૬) ઇસ્લામ જ ભાઈચારાનો મઝહબ છે

કોઈ પણ કોમ કે ધર્મનાં બે સગા ભાઈઓ વચ્ચે પ્રેમ હોય અને અરસ પરસ ભાતૃભાવ દાખવે તે લોહીની સગાઈના કારણે હોય છે. જે માની શકાય છે. પરન્તુ લોહીની તો શું પણ પાંચ દશ પેઢીએ કુળની કે જ્ઞાતીની સગાઈ પણ ના હોય તે બે વ્યક્તિઓ વચ્ચે ભાઈ ભાઈ જેવો પ્રેમ અને સંબંધ જોડવો એ ઈસ્લામ કરી શકે અને ઈસ્લામે કરી પણ બતાવ્યું છે.

ફકત એક કલ્મો **"લા ઈલાહા ઈલલ્લાહ મોહમ્મદુર્રસુલુલ્લાહ"** પઢનાર એક બીજાનો ભાઈ છે. તેવી ઉન્નત ભાવના ઈસ્લામમાં પ્રવર્તે છે.

કુરઆન મજીદ ફુરકાને હમીદનું ફરમાન છે કે,

**"વઝકુરૂ નેઅમતલ્લાહે અલયકુમ ઈઝકુનતુમ આઅદાઅન ફઅલ્લફ બયન કોલુબેકુમ ફઅસબહ તુમ બે નેઅમતેહી ઈખ્વાના"** (સુરએ આલે ઈમરાન)

(અર્થ : અલ્લાહ તઆલાની તે ને અમત ને યાદ કરો કે તમો તો એક બીજ ના દુશ્મન હતા. અલ્લાહ તઆલાએ તમારા દિલમાં મહોબ્બત પૈદા કરી અને તેના ફઝલથી તમો ભાઈ-ભાઈ બની ગયા.)

આ આયતથી એ અસર થઈ કે મક્કા થી હિજરત કરી ને ગયેલ મુહાજીરો (હિજરતીઓ) મદીના શરીફમાં સાવ નિર્ધન અને બેસહારા હતા. પણ ભાતૃભાવના જાગી અને મદીનાવાસીઓ (અન્સારો) એ પોતાના મોહાજીર ભાઈઓની મદદ કરવામાં કોઈ કમી રાખી નહિં. ઘર આપ્યા, કપડાં આપ્યા, અનાજ આપ્યું, પૈસો આપ્યો. અરે ત્યાં સુધી જેની બે પત્નિઓ હતી તેમણે એક પત્નિ ને

તલાક આપીને પોતાની નિકાહમાંથી છુટી કરીને આવેલ મોહાજીર ભાઈના નિકાહમાં આપી. આવો અનુપમ ભાઈચારો ઈસ્લામ સિવાય બીજે ક્યાંય ઈતિહાસમાં પણ જોવા મળતો નથી.

જંગે યરમુકના મોકા પર એક સહાબી પોતાના ઝખ્મી ભાઈને પાણી પીવડાવવા માટે જાય છે. પાણી વિના તરફડતા પોતાના ભાઈની પાસે જાય છે. ત્યાં તો દુર બીજા કોઈ ઝખ્મી સૈનિકની આવાઝ સંભળાય છે કે પાણી પાણી પાણી... તો આ સહાબીના ભાઈ પોતે તરસ્તાં હતાં છતાં પહેલા પેલા સૈનિકને પીવડાવવા આગ્રહ કરે છે. જ્યારે આ સહાબીતે સૈનિકની પાસે પહોંચે છે તો તે સહાબી હઝરત હાસીમ બીન આસ (રદીયલ્લાહો અન્હો) હતા જે પાણી વિના તડપતા હતા તેમને પાણી આપવા જાય છે. ત્યાં તો દુરથી તરસ-તરસની સદા સંભળાય છે. હઝરત હાસીમ કહે છે. મને પછી આપજો પહેલા પેલા ભાઈ ને પાવો. આ સહાબી જ્યારે ત્રીજા વ્યક્તિ ને પાણી પીવડાવવા ત્યાં પહોંચે છે તો તે ઝખ્મી શહીદ થઈ ચુક્યો હોય છે. વળતા જલ્દી હજરત હાસીમની પાસે આવ્યા તો આપ પણ પાણી વિનાજ અલ્લાહને પ્યારા થઈ ગયા. આખર પોતાના ભાઈ પાસે આવે છે તો ભાઈ હંમેશ ને માટે આંખ બંધ કરી દે છે. (ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન) આમ આ ત્રણે મર્દે મુજાહિદો-શહીદો પાણી હોવા છતાં પોતાના ભાઈને પહેલા પાવાની આગ્રહ ભરી રજુઆતના કારણે પોતે પાણી વિના શહીદ થાય છે. આ ભ્રાતૃભાવ - ભાઈની મહોબ્બત નહિં તો બીજુ શું સાચેજ ઈસ્લામેજ ભ્રાતૃભાવ અને ભાઈચારાનો સબક વિશ્વને આપ્યો છે.

**યહી મકસુદે ફીતરત હૈ, યહી રમઝે મુસલમાની**
**ઉખુવ્વતકી જહાંગીરી, મહોબ્બત કી ફરાવાની**

# (૭) ઇસ્લામે જ માણસને માણસાઈ અને તેનો દરજ્જો સમજાવ્યો

ઈસ્લામ પૂર્વે લોકો પોતાના વડવાઓને ઈન્સાનીયત (માનવપણા) ની હદથી આગળ કરી દેતા હતા. તેની મૂળ હકીકત તો એજ હતી કે હજી સુધી માણસને પોતાની અસલીયતની ખબર ન હતી. ઈસાઈઓએ હજરત ઈસા (અલૈહિસ્સલામ) ને ખુદાનો બેટો માનીને તૌહીદનો ઈન્કાર કર્યો, પારસીઓએ, અસો જરથુષ્ટને મલકુતી સીફતમાંથી જન્મેલા ગણ્યા અને ભુલ કરી બેઠા. બુદ્ધને જ પવિત્ર જાત ખુદા માની બેઠા. સનાતન ધર્મીઓ પાંચે પાંડવોને નુરાની દિકરાઓ સમજવાની ક્ષતિમાં ફસાયા છે. યહુદીઓની એ માન્યતા હતી કે હઝરત યાકુબ અને હઝરત દાઉદ ખુદાના પ્રથમ દિકરા હતા. આમ પોતાના વડવાઓ (બુઝુર્ગો) વિષે તારીફ કરવામાં માણસાઈની હદ વટાવી દીધી. ઈન્સાનીયતની અસલીયતથી બેખબર કૌમને અગર સાચી સમજ આપી હોય તો ફક્ત ઈસ્લામે જ આપી છે.

ઈસ્લામ એમ સમજાવે છે કે અલ્લાહ તઆલાએ માનવીના દરજ્જાને બુલંદ કર્યો છે. માણસનેજ રૂહાનીયતની તાલીમ આપીને રૂહાનીયતમાં ઉચ્ચ સ્થાન અર્પણ કર્યો જે સામાન્ય માણસમાં જોવા મળતો નથી. જ્યાં સુધી માણસ પોતાની જાતને ફકત અલ્લાહનો બંદો ના સમજે પોતાની જાતમાં માનવી હોવાના તમામ ગુણોને બરાબર પારખી લે પછી જ માણસ અને જીનની રહેબરી (માર્ગ દર્શન) કરવાને પાત્ર બને છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે :-

**"વમા અરસલનાક કબલક ઈલ્લા રેજાલન નુહી**

**એલયહીમ"**

(અર્થ : અને અમોએ તમારા પહેલા જેમને પયગમ્બર બનાવીએ મોકલ્યા હતા. તેઓ પણ માણસજ હતા. તેઓને અમારી વહી મળતી હતી.)

**"વમા જઅલ્ના હુમ જસદલ લા યાકોલુ ન્ત્તઆમ વ કાનુ ખાલેદીન"**

(અર્થ : અમોએ તેઓનું શરીર એવું ના બનાવ્યું કે તેઓ ખોરાક ના લે અને હંમેશાં જીવતા જ રહે.)

**"લલએબાદુન મુક્ર મુન લાયસબેક્રુન હુ બીલ કૌલે વહુમ બે અમરેહી યઅમલુન"**

(અર્થ : તેઓ ઈજ્જત આબરૂવાળા બંદાઓ છે. વાતચીતમાં પણ તેઓ અલ્લાહની રજા સિવાય બોલતા નથી. અને અલ્લાહના હુકમનું પાલન કરે છે.)

ઉપરોક્ત આયતોથી સાબીત થયું કે અલ્લાહ તઆલા એ માણસોમાંથી પયગમ્બરોની પસંદગી કરી છે. એટલે માણસ કેટલો મહાન દરજ્જાનો કહેવાય જે જ્ઞાતીમાં અલ્લાહ પોતાના ખલીફાને મોકલતો હોય જેની જીભ પર એક પણ શબ્દ ખુદાની મરજી વિરૂદ્ધ ના આવતું હોય. અને રૂહાની દરજ્જો એટલો મહાન કે પળવારમાં અર્શે આઝમની સફર કરીલે, ધરતી ઉપર ફરે, ખોરાક લે, શાદી કરે, ઔલાદ થાય, જીવન અને મૃત્યુ પણ હોય એટલે કે માણસને અલ્લાહે મહાન મર્તબો જરૂર આપ્યો છે. બીજા ધર્મમાં કેટલાંક લોકો માણસના સારા ગુણો જોઈને તેનીજ પુજા કરવાની શરૂઆત કરી દેતા હોય છે. જ્યારે ઈસ્લામની તો એ તાલીમ છે કે તે અલ્લાહ ની ઈબાદત કરો જેણે પયગમ્બરોને બશર (માનવી) બનાવી ને

મોકલ્યા છે. જેમના થકી સમગ્ર સૃષ્ટિને હિંદાયતનો સબક મળતો રહે.

★

## (૮) ઇસ્લામે જ હુકુમતમાં પ્રજાને ભાગીદાર બનાવી છે

(ઈસ્લામે જ લોકશાહીની સ્થાપના કરી છે.)

હુકુમત (સલ્તનત) માં પ્રજાનો પુરે પુરો હક છે. એટલે કે વિશ્વમાં લોકશાહીની સ્થાપના કરી હોય તો ફક્ત ઈસ્લામે જ કરી છે.

ઈન્જીલ (બાઈબલ) માં છે કે હજરત ઈસા (અલૈહિસ્સલામ) એમ કહેતા હતા કે "જે વસ્તુઓ કૈસર દરજ્જાની છે તે રાજા ને આપો. અને સરકારમાં પ્રજાનો બીજો કોઈ હક બતાવ્યો નહીં."

યજુર્વેદ અને શામવેદ માં બધી સત્તા રાજાની બતાવી છે. પ્રજાને હુકુમતમાં ડખલ કરવાનો હક નથી. ઈસ્લામ પૂર્વે તમામ ધર્મો રાજાશાહીને માન આપતા હતા. લોકશાહીનું નામો નિશાન ન હતું જ્યારે કુરઆનેપાકનું દુનિયામાં ઉતરાણ થયું ત્યારે ઈલાહી ફરમાન જાહેર થયો કે :-

**"વ અમરો હુમ શુરા બયનહુમ"**

(અર્થ : તેની હૂકૂમતના સત્તાધીશો પરસ્પર સલાહ મશવેરાથી રાજ કરશે)

ખુલ્ફાએ રાશેદીનનો ઈન્તેખાબ (ચુંટણી) સ્પષ્ટ લોકશાહી પદ્ધતી પ્રમાણે થતી. પ્રજા જેને પોતાનો આગેવાન પસંદ કરતી તેજ વ્યક્તિ વહીવટદાર બનતી. ખિલાફતના દૌરમાં ખલીફા પોતાની મરજી મુજબ કોઈ કાયદો પસાર કરી શકતો નહીં બલ્કે એક કાઉન્સીલ બેસતી ને ખરડા ઉપર ચર્ચા વિચારણા થતી અને લોકોના પ્રતિનિધિઓની રજાથી ખલીફા કાયદાને અમલી સ્વરૂપ આપતા હતા. બીજા મુલ્ક ઉપર હુમલો કરવો હોય કે આવ્વી પડેલ હુમલાનો સામંનો કરવો હોય તો પણ ખલીફા આગેવાન કક્ષાની વ્યક્તિઓની બેઠક બોલાવતા. તેમનાથી સલાહ-મશ્વેરા (ચર્ચા વિચારણા) કરીને જ પગલું ભરતા. આ રીત શુદ્ધ લોકશાહીની સાબીતી છે. રાજાશાહી કે સરમુખત્યારશાહી ખિલાફત દૌર (ઈસ્લામી આદેશ મુજબ રાજ્ય વહીવટ નો જમાનો) માં ન હતી. હા, ખિલાફત પછી બાદશાહીનો જમાનો આવ્યો.

ખલીફાનો પગાર (વઝીફો) કાઉન્સીલ નક્કી કરતી હતી. નક્કી થયેલ પગાર સિવાય ખલીફાને બીજો કોઈ લાભ મળતો ન હતો. ખાસ વિશેષ સેવાઓનું વળતર મળતુ ન હતું. સાચેજ લોકશાહી પ્રથાની શરૂઆત ઈસ્લામી ખિલાફત યુગ થી જ થઈ. હુકુમત એટલે રાજ્ય વહીવટમાં સામાન્ય પ્રજાને પણ હકદાર ઠેરવી બીજા ધર્મોએ આ બાબતે ખુલાસો કર્યો નથી. બલકે અમુક ધર્મોમાં તો રાજાશાહીનેજ માન આપવામાં આવ્યું છે. અને રાજાને વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે. જ્યારે ઈસ્લામમાં ખુદા અને તેના રસુલના આદેશ મુજબ રાજ્યનો વહીવટદાર (ખલીફા) સામાન્ય લોકોની જેમજ સાદુ જીવન જીવતા હતા.

ઈસ્લામેજ પ્રજાને સત્તાના સુકાન સુપ્રદ કર્યા અને વિશ્વ પર લોકશાહીનો ઝંડો લહેરાવ્યો. ભારત આઝાદ થયો ત્યારે વહીવટ

કેમ કરવો તેનો સવાલ મહાત્મા ગાંધી સામે થયો. ત્યારે ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો કે વહીવટ તો ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહો અન્હોની જેમ કરીએ તો જ લોકશાહી મેળવી કહેવાય.

**"સબ દીન જઝબ હો ગયે દીને હુઝુરમેં,**
**તારે ચમક શકે ન, ફરોગે કમર કે બાદ"**

## (૯) ઇસ્લામમાં અસપૃશ્યતા (આભડછેટ) નથી.

ખાસ કરીને દરેક ધર્મ અને દેશ ઉપર ત્રણ વસ્તુઓએ આધિપત્ય જમાવી રાખ્યું છે. (૧) વંશ (૨) ભાષા (૩) રંગ.

ભારતમાં લોકો મુખ્ય ચાર ભાગોમાં વહેંચાયેલા હતા. (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શુદ્ર. આ ચારેમાં બ્રાહ્મણને વિશેષ અધિકાર આપેલા છે.

કૌમે બની ઈસરાઈલમાં દીની હુકુક બની લાવી માટે ખાસ રાખવામાં આવ્યા હતા અને હુકુમતમાં હઝરત યાકુબ અલૈહિસ્સલામની ઔલાદને વધુ હક્ક આપવામાં આવ્યા હતા.

અરબસ્તાનમાં કુરેશ કબીલાને બીજા કબીલાઓ કરતાં ઉચ્ચ ગણવામાં આવતા હતા.

અંગ્રેજો રૂપાળા હતા. એટલે કાળા રંગના માણસોને તુચ્છ ગણતા હતા.

પરન્તુ જયારે ઈસ્લામનો ઉદય થયો ત્યારે દરેક માનવી સરખો છે ભલે તે ગોરો હોય કે કાળો, અમીર હોય કે ગરીબ, ગમે

તે ભાષા ભોલતો હોય ખુદાના દરબારમાં બધાજ સરખા છે. ખુદાની સમક્ષ ઉચ્ચ તો એ જ છે જે મુત્તકી (સદાચારી) હોય.

કુરઆને પાકમાં સ્પષ્ટ કહી દેવામાં આવ્યું છે કે, **"ઈન્નઅકરમકુમ ઈન્દલ્લાહે અતકાકુમ"**

(અર્થ : અલ્લાહની નજદીક તેજ આબરૂવાળો છે, જે મુત્તકી (સદાચારી) છે.)

હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઐતિહાસિક ખુત્બો "ખુત્બ એ હજ્જતુલ વિદાઅ" આપ્યો અને ફરમાવ્યું કે કે ઈસ્લામમાં ગોરા ને કાળા ઉપર અરબી ને અજમી ઉપર, કે અમીર ને ગરીબ ઉપર કોઈજ મહત્વ નથી. પરન્તુ અલ્લાહના નજીક તે જ મહત્વ ધરાવે છે જે મુત્તકી (પરહેઝગાર ધર્મપારાયણ) હોય.

વંશ બાબતે અલ્લાહ તઆલા એ ફરમાવ્યું કે, **"ખલકલ ઈન્સાન મીન તીન, સુમ્મ જઅલ નસલહુ મીન સુંબુ લતીમ મીમ્મા ઈમ્મ મહીનીન"** (સુરએ સજદા)

(અર્થ : માણસને પ્રથમ માટીમાંથી બનાવ્યો પછી તેમાંથી એક તુચ્છ બિંદુમાંથી તેનો વંશ આગળ વધાર્યો)

ભાષા બાબતે અલ્લાહ તઆલા ફરમાવે છે **"વખતેલાફો અલ સેનતેકુમ વ અલ્વાનતે કુમ"** (અર્થ : ભીન્ન ભીન્ન ભાષાઓ અને ભીન્ન ભીન્ન રંગ કુદરતની કમાલની નિશાનીઓ છે.) આ ખુલાસાઓથી સાબીત થયું કે રંગ, વંશ અને ભાષાથી માણસ ઉચ્ચ નથી. માણસ પોતાના આમાલ (કર્મ) થી ઉચ્ચ અને નીચ બને છે. સારા આમાલ (સત્કર્મ) ઉચ્ચ અને બુરા આમાલ (પાપ) થી નીચ

બને છે. દરેક માણસને હક્ક આપવામાં આવ્યો છે કે સીધો રસ્તો અપનાવી સારા કાર્યો કરી ઉચ્ચતા મેળવે. માણસ બધાજ સરખા છે. ઈસ્લામમાં કોઈ પણ જાતની અસપૃશ્યતા કે આભડછેટ નથી. જન્મથી કોઈ ઉચ્ચ કે નીચ નથી. માણસના આમાલ (કર્મો) જ તેને ઉચ્ચ કે નીચ બનાવે છે. એજ ઈસ્લામની તાલીમ છે.

**શરફ ઉનકી ગુલામીકા ન હાંસિલ હો તો ઈન્સાં કો,**
**ન જીનેકી અદા આયે, ન મરનેકી અદા આયે**

★

## (૧૦) ઇસ્લામ જ પરસ્પર હક (ફરજ) અદા કરવાની તાલીમ આપે છે.

ઈસ્લામમાં સન્યાસીપણું (જોગીપણું) નથી. ઈસ્લામ અલ્લાહ અને તેના બંદાના હક્ક અદા કરવાની તાલીમ આપે છે.

દરેક બંદા ઉપર ત્રણ હક્ક છે. (૧) હોકુ કુલ્લાહ (૨) હોકુ કુલ ઈબાદ (૩) હોકુ કુન્નફસ.

ઈસ્લામની તાલીમ એ છે કે પ્રથમ બંદા અલ્લાહ તઆલાના હક્કો (હોકુ કુલ્લાહ) અદા કરે જેમા નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને નેક કામો નો સમાવેશ થાય છે. બીજો હક્ક અલ્લાહના બંદાના હક્કો (હોકુ કુલઈબાદ) માં-બાપની સેવા, બાળકોનું ભરણ પોષણ, પત્નિના હક્કો, સગા વહાલા અને મિત્રો સાથે સદ્‌વર્તન વિગેરે આવી જાય છે. અને ત્રીજો હક્ક પોતાના નફસનો હક (હોકુકુન્નફસ) અદા કરવું ખાવું, પીવું, પહેરવું, સુવું, શાદી કરવી

વિગેરે. આમ ત્રણે રીતે માણસે હક્ક (ફરજ) અદા કરવાની હોય છે. આવી સરળ અને ઉત્તમ જીવન વ્યવસ્થા ઈસ્લામમાં જોવા મળે છે.

પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ ફરમાવ્યું કે **"લારહબાનીયતા ફીલ ઇસ્લામ"** (ઈસ્લામમાં સન્યાસીપણું નથી) કેટલાક ધર્મોમાં ફક્ત ખુદાની બંદગીની તાલીમને જ ધર્મ સમજી લેવામાં આવ્યો છે. એક માણસ ઘરબાર છોડીને, સંસારનો ત્યાગ કરીને, ભગવા કે અન્ય સન્યાસી રંગનો લિબાશ ધારણ કરીને, માં-બાપની સેવા છોડી દઈને, પત્નિ અને બાળકોને રઝળતા મુકીને કોઈ ગુફામાં જઈ ફક્ત ખુદાની બંદગી કરે તે વીર નહીં પણ કાયર છે. મહાન વીર તો એ કહેવાય, જે સંસારમાં રહીને માં-બાપની સેવા કરે છે. ઘણીજ તકલીફો વેઠીને પત્નિ અને સંતાનોનું ભરણ પોષણ કરે છે. સગાં-વહાલા સાથે સુમેળભર્યો વર્તાવ કરે છે. પાડોશીઓની સેવામાં લાગેલો રહે છે. અને ખુદાની બંદગી કરવામાં હાજર રહે છે. આ રીતની તાલીમ ઈસ્લામ આપે છે. મહાન પયગમ્બર સાહેબે અનેક લગ્નો કર્યા તેના પાછળનો હેતું માનવજાતની સેવા અને સ્ત્રીઓના હક અદા કરવાની તાલીમ પોતે અમલ કરીને બતાવી છે. આપે જેટલા લગ્ન કર્યા તેમાં ફક્ત એક કુંવારી છોકરી છે. બાકીની તમામ ઉમ્મતની માતાઓમાં વિધવા, ત્યકતા અને ગરીબઘરની ઔરતો છે. જેમની ભરણ પોષણની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી છે.

અલ્લાહ તઆલાનું ફરમાન છે કે :-

**"વલ હુન્ન મીસલુલ લઝીના અલયહિન્ન"**

(અર્થ : સ્ત્રીઓના પણ હક છે. જેવા કે પુરૂષોના હક સ્ત્રીઓ ઉપર છે.)

**"વલા તકતોલુ અવલાદકુમ ખસીયતા ઈમલાક"**

(અર્થ : માં-બાપ સાથે ઉત્તમ વર્તાવ કરો.)

**"વ ઓલીલ અમરેમીનકુમ"**

(અર્થ : ફરમાંબરદારી કરો પોતાના અમીરો (નેતાઓ) ની વિગેરે.)

પરસ્પર એક બીજાના હક અદા કરવાની તાલીમ (શીખ) આપનારો મઝહબ ઈસ્લામ છે. તેમાં જરાય શંકા નથી.

★

## (૧૧) ઇસ્લામંજ સત્યનો મઝહબ છે.

સત્ય એટલે સીદક વિશે ઈસ્લામના મહાન વિદ્વાનોએ આપેલા પોતાના અભિપ્રાયો આ પ્રમાણે રજૂ કર્યા છે.

(૧) વાણી ને વર્તનનું એક હોવું સીદક (સત્ય) ની નિશાની છે.

(૨) દિલ અને જીભનું એક સરખાપણું હોવું સત્યની નિશાની છે.

(૩) જાહેર અને ગુપ્તતામાં બંન્નેનું એક સરખું હોવું સત્યની નિશાની છે.

(૪) તે સાચુ કામ કે જેના કરવામાં નુકશાનનો ભય છે. એવા જુઠા કામથી સારૂં સમજો ભલે તેના કરવામાં ફાયદો છુપાયેલો હોય એજ સીદક એટલે સત્ય છે.

સત્ય અલ્લાહ તંઆલાના ગુણો પૈકી છે.

**"કુલ સદકલ્લાહો"** (અર્થ અલ્લાહે સત્ય કહ્યું.)

(સુરએ આલે ઈમરાન)

**"સદકલ્લાહો વ વરસુલોહુ"** (અર્થ : અલ્લાહે અને તેના રસુલે સાચુ કહ્યું) (સુરએ અહેઝાબ)

હવે હદીસેપાકમાં ફરમાને રસુલ પણ જુઓ.

"સત્ય નેકીનો માર્ગ દેખાડે છે. નેકી જન્નતનો માર્ગ દેખાડે છે. માણસ સાચું બોલતો રહે તો સીદીકના મરતબાને પહોંચી જાય છે. જ્યારે જુઠ ગુનાહનો માર્ગ છે. ગુનાહ જહન્નમમાં લઈ જાય છે. જુઠ બોલનારો અલ્લાહને ત્યાં કઝ્ઝાબ (જુઠો) લખાઈ જાય છે." (બુખારીશરીફ, મુસ્લીમશરીફ, અબુદાઉદશરીફ)

ઈમાનવાળાઓને અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો કે, **"કુનુ મઅસ્સાદેકીન"** (સાચાઓની સોહબતમાં રહો)

મક્કાના મુશરીકો અને કાફીરોએ પણ પયગમ્બરે ઈસ્લામની સત્યતાને કબુલ કરી હતી અને આપને સાદીક (સાચા) અને અમીન (અમાનતદાર) ના લકબ આપ્યા હતા.

કટ્ટર વિરોધીઓએ જેની સત્યતાનો એકરાર કર્યો હોય તેવા રસુલના દીનની સત્યતામાં કોઈ કમી કાઢી શકાય ખરી ? સાચે જ દીને ઈસ્લામ સાચો અને સચ્ચાઈનો અલમબરદાર (ઝંડાધારી) મઝહબ છે એટલે જ અલ્લાહ તઆલાએ તેને પસંદ ફરમાવ્યો છે.

**"ઈન્નદીન ઈન્દલ્લાહીલ ઇસ્લામ"**

(અર્થ : અલ્લાહતઆલાની નજીક દીન (ધર્મ) તો ઈસ્લામ જ છે.) (સુરએ આલે ઈમરાન)

મઝહબે ઈસ્લામની ખુબીઓ બેસુમાર અને અગણિત છે. તેનો પુરેપુરો અને સાચા દિલથી ન્યાયની દ્રષ્ટિએ જે વ્યક્તિ ઈસ્લામનો અભ્યાસ કરશે તે હંમેશા માટે આ મહાન મઝહબની

સામે પાતાનું માથું અકીદત (શ્રદ્ધા) થી ઝુકાવી દેશે તેમાં શંકાને સ્થાન નથી. પરન્તુ જરૂરત છે, ઈસ્લામને ઓળખવાની.

**અભી દુનિયાકો બેદાર તો હો લેને દો,**
**હર કૌમ પુકારેગી હમારા હૈ ઇસ્લામ**

★

## સુલ્તાન, સૂફી અને સદ્‌ભાવના

કેટલાક વર્ષ પહેલા દિલ્હીના રામલીલા મેદાન ખાતે ચાર દિવસીય 'વિશ્વ સૂફી સંમેલન' સંપન્ન થયું. દેશ-વિદેશથી અસંખ્ય સૂફીઓ પધાર્યા સૂફીવાદ પર પોત-પોતાના મંતવ્યો રજૂ કર્યા શ્રોતા ગણને ઘણું ઘણું જાણવા મળ્યું.

સૂફી શબ્દ 'સૂફ' એટલે ઉન પરથી પ્રચલિત થયો છે ઉનથી બનેલા જાડા, લાંબા, ખરબચડા પોશાક ધારણ કરનારને સૂફી કહેવાય છે. સૂફી જ્ઞાની, ત્યાગી, સખી, સહનશીલ, સમાજસુધારક, ઉદાર અને પરોપકારી હોય છે.

સૂફીને વૃક્ષો સાથે સરખાવાવમાં આવે છે કે વૃક્ષ પોતે તડકો સહન કરે છે તેના આશ્રયમાં આવનારને છાંયડો આવે છે. સૂફીને દિપક સાથે સરખાવવામાં આવે છે તે સ્વયં બળે છે પણ બીજાને પ્રકાશ આપે છે. સૂફીને અગરબત્તી સાથે સરખાવાય છે કે તે પોતે બળે છે બીજાને સુગંધ આપે છે.

સૂફી જન સેવા (ખિદમતે ખલ્ક) ને ઈબાદત સમજે છે. માનવ સેવાને બંદગી સમજીને સૂફી પરોપકારી જીવન ગુજારે છે. સંસારમાં રહીને સંસારથી અલિપ્ત રહેવું અને અલ્લાહ ત્આલાની પ્રસન્નતા માનવ સેવા થકી પ્રાપ્ત કરવી એ જ સૂફીનું મીશન છે,

એ જ સાચો સૂફીવાદ છે.

સૂફી ત્યાગી હોય છે. જ્યાં સુધી ત્યાગની ભાવા પ્રબળ બનતી નથી ત્યાં સુધી સૂફી સાચા અર્થમાં (સૂફી) બનતો નથી.

તર્ક કરવું એટલે છોડી દેવું ઈસ્લામમાં તારીકુદ દુનીયા (સંસારનો ત્યાગી) અને તારી કુસ્સલ્તનત (રાજગાદી-સત્તાનો ત્યાગી)કરનાર મહાન ગણાય છે. આવા લોકો જ માન મેળવવાના હકદાર છે. માણસ માટે સ્ત્રી (પત્ની) અને સત્તા (રાજગાદી)નો મોહ ત્યાગ કરવો ઘણું જ અઘરું હોય છે. પણ જેમના દિલમાં માત્ર અને માત્ર અલ્લાહપાકનીજ મોહબ્બત સર્વોપરી હોય છે. તેમને રાજગાદીને પણ ત્યાગી દેતા વાર લાગતી નથી. એવા જ બંદા સાચા વીર પુરૂષ ગણાય છે એ જ સાચા પહેલવાન કહેવાય. જેમણે પોતાના દિલો-દિમાગ અને મનેચ્છાઓ ઉપર કાબુ મેળવી લીધો એ જ સાચા અર્થમાં મુજાહિદ કહેવાય સાચી અને મોટી જેહાદ મનેચ્છાંઓ ઉપર કાબૂ મેળવી લેવી છે. પહેલવાન એ નથી જે યુદ્ધના મેદાનમાં દુશ્મનને પછાડે પણ ખરેખર મોટો પહેલવાન એ છે જે પોતાના નફસ (મનેચ્છા) પર કાબૂ મેળવી તેને તાબેદાર બનાવે અને અસલ જેહાદ આને જ ગણવામાં આવે છે.

સૂફીને જ્યારે અલ્લાહ ત્આલા તરફથી દિવ્ય-રૂહાની આદેશ મળે છે ત્યારે સૂફી અલ્લાહના હુકમ પર અમલ કરવામાં કોઈ જ વિચાર કરતા નથી. રબની ખુશી હાંસિલ કરવા સર્વસ્વ ત્યાગી દઈને ફકીરી ધારણ કરી લેતા હોય છે. ઈતિહાસના પાના પર કેટલાક ઉદાહરણ સોનેરી અક્ષરે લખાયેલા જોવા મળે છે. રાજગાદી, રાજમહેલ અને રાજમુગટને અલવિદા કહી અલ્લાહના માર્ગમાં નિકળી પડનારાઓમાં (૧) બલ્ખના બાદશાહ હઝરત

ઈબ્રાહિમ અદહમ રહેમતુલ્લાહ અલયહ (૨) સીમનાનના બાદશાહ હઝરત જહાંગીર અશરફ રહેમતુલ્લાહ અલયહ (૩) સમરકંદના બાદશાહ હઝરત સુલ્તાન હાજી હૂદ રહેમતુલ્લાહ અલયહ (૪) નાગોરના બાદશાહ શેખ હમીદુદ્દીન નાગોરી રહેમતુલ્લાહ અલયહ વિગેરે.

ગુજરાતની ધરતી પર ઈસ્લામના પ્રચાર અર્થે ઘણા સૂફીઓ (વલીઅલ્લાહ) આવ્યા પણ સુલતાનમાંથી સૂફી બનીને આવનાર હઝરત સૈયદ સુલ્તાન હાજી હૂદ સાહેબે સલ્તનત (રાજગાદી)નો ત્યાગ કરી મહા ત્યાગી વિભૂતિ તરીકેનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. ધર્મના પ્રચાર માટે સમરકંદ જેવા સમૃદ્ધ મુલ્કની હુકુમત (સત્તા) છોડી દઈ ફકીરી ધારણ કરનાને ઘણા ઓછા લોકો જાણતા હશે આ મહાન ત્યાગી યુગ પુરૂષના જીવનમાંથી ત્યાગ, સમર્પણ, સમાજ સેવાનો પાઠ આપણા જીવનમાં ઉતારવા પાત્ર છે.

ઈસ્લામના પયગમ્બર સાહેબના દોહિત્ર કરબલાના મહાન શહીદ હઝરત ઈમામ હુસેન (રદિયલ્લાહો અન્હો) ના વંશજ સુલ્તાન હાજી હૂદ સાહેબ હિજરી સન ૪૮૫ ઈ.સ. ૧૦૯૨માં રાજા કરણદેવ સોલંકી (રાજા સિદ્ધરાજના પિતા) ના રાજ્યકાળમાં પાટણ પધાર્યા. રાજા સાથે મુલાકાત થઈ. ધર્મ બાબતે વાર્તાલાપ થયો રાજા પોતે સુલ્તાન હાજી હૂદથી પ્રભાવિત થયા રાજાએ આપને પાટણમાં રહેવાની અને ઈબાદત કરવા માટે મસ્જિદ અને ખાનકાહ (આશ્રમ) બનાવવાની પરવાનગી આપી દીધી. જ્યારે રાજાએ આપની સાથે સારો વર્તાવ કર્યો તો આભારની લાગણી વ્યક્ત કરવા સૂફી સુલ્તાન હાજી હૂદ સાહેબે જે મસ્જિદ બનાવી તે મસ્જિદનું નામ રાજાના નામ સાથે મેળવીને તેનું નામ 'મસ્જિદે કરના' રાખ્યું જે પાટણની સૌથી પહેલી મસ્જિદ ગણાય છે. જેમાં એક સૂફીની

સદ્‌ભાવના સ્પષ્ટ જોવા મળે છે.

સદ્‌ભાવનાની વાત નીકળી છે તો આવો અજમેરના ખ્વાજા ગરીબનવાઝ મોઈનુદીન ચીશ્તી રહેમતુલ્લાહ અલયહની સદ્‌ભાવનાનો એક દાખલો યાદ રાખવા જેવો છે. જ્યારે ખ્વાજા સાહેબ અજમેર પધાર્યા ત્યારે માથા પર લીલા રંગની પાઘડી હતી પણ અજમેરમાં અન્ય ધર્મગુરૂઓના માથા પર કેશરી (ભગવા) રંગની પઘડીઓ જોઈ તો આપે ખ્વાજા સાહેબે પણ ભગવા કલરની પાઘડી ધારણ કરી લીધી જે રસમ આજ સુધી અમલમાં છે. અજમેરમાં ગાદીનશીન આજે પણ ભગવા રંગની જ પાઘડી પહેરે છે જે એક સૂફીની સદ્‌ભાવના બતાવી રહી છે.

અમદાવાદના ખ્યાતનામ સૂફી હઝરત શાહેઆલમ રહેમતુલ્લાહ અલયહના દરબારમાં જ્યાં મહેદી રોશન થાય છે. એટલે દિવા પ્રગટાવવામાં આવે છે ત્યાં ઉર્સના મૌકા પર હઝરત શાહેઆલમ રહેમતુલ્લાહ અલયહના એક હિન્દુ મિત્ર જે એક સંત પુરૂષ મહારાજ હતા તેમની યાદ રૂપેં મહેદીરોશન પર સિંદુર લગાડવામાં આવે છે. મુસ્લિમો સિંદુરનો ઉપયોગ ક્યાંય કરતા નથી પણ અહીંયા એક હિન્દુ ધર્મગુરૂની યાદ તાજી રાખવા મુસ્લિમ ધર્મગુરૂના દરબારમાં સિંદૂરનો ઉપયોગ થાય છે. આ સૂફીઓની સદ્‌ભાવના નથી તો બીજું શું છે ?

ભડિયાદ (તા. ધંધુકા)માં હઝરત પીર મહેમૂદ શાહ બુખારી રહેમતુલ્લાહ અલયહના ઉર્સ પ્રસંગે નિશાન ચઢાવવાની પ્રથા વર્ષો પુરાણી છે. આ વિધિ એક બીન મુસ્લિમભાઈ તરફથી થાય છે. પહેલું નિશાન તેમના તરફથી ચઢાવવામાં આવે છે. આને સદ્‌ભાવના કહેવાય.

આપણે જોઈએ છીએ કે મસ્જિદમાં ફક્ત મુસ્લિમો જાય છે. મંદીરમાં ફક્ત હિન્દુઓ જાય છે. ચર્ચમાં ફક્ત ખ્રિસ્તીઓ જાય છે. અગિયારીમાં ફક્ત પારસીઓ જ જાય છે. ગુરૂદ્વારામાં ફક્ત શીખો જ જાય છે. પણ સૂફીઓના દરબારમાં એટલે પીરોની દરગાહો પર બે રોકટોક દરેક ધર્મવાળા જાય છે. અને દરગાહો પર દરેક જ્ઞાતીના લોકો જોવા મળે છે. તેનું કારણ સૂફી (વલીઅલ્લાહ) કોઈપણ જાતના ભેદભાવ વિના માનવમાત્રની સેવા કરે છે. તેમના દ્વાર દરેક માટે ખુલ્લા રહે છે. સૂફીથી દરેકને ફાયદો પહોંચે છે. ખિદમતે ખલ્ક (માનવસેવા) સૂફીવાદની ઓળખ છે. જેમ અલ્લાહ દરેકનો છે તેમ સૂફી પણ દરેકનો છે.

સૂફીવાદ (તસવ્વૂફ) માં માનવ જરૂરિયાતને પૂરી પાડવી એ જ તેનો અસલ હેતુ છે. માનવ સેવા (ખિદમતે ખલ્ક)ને ઈબાદત ગણવામાં આવે છે. અજ્ઞાનીને જ્ઞાન (ઈલ્મ) આપવું, ભુખ્યાને ભોજન, નિઃવસ્ત્રને કપડાં, બિમારને દવા એટલે કે જરૂરતમંદની જરૂરિયાતોને પૂરી પાડવાનું એક મીશન સૂફીઓની ખાનકાહ (આશ્રમ)થી થતું હતું ઘણી દરગાહો પર લંગરખાના ચલાવવામાં આવતા હતા બંને ટાઈમ ભૂખ્યાઓને ખાવાનું મળી જતું હતું. કેટલીક દરગાહો ઉપર મોટી મોટી દેગો આજે પણ આ સેવાની સાબિતી આપી રહી છે. પાટણમાં હઝરત સુલ્તાન હાજી હૂદ રહેમતુલ્લાહ અલયહે સૂફીવાદને આપની માનવમાત્રની સેવાના કાર્યોને અમલમાં મૂકયા. આપના સેવાઓથી લોકો આકર્ષાયા આપની નજીક આવવા લાગ્યા સાચા ખુદાની ઓળખની સમજ આપવામાં આવી ઈબાદતની રીત શિખવવામાં આવી આપે કોઈને લાલચ કે ધમકી પણ નથી આપી છતાં લોકો એક સમયના સુલ્તાનને સૂફીના રૂપમાં જોઈને વિસ્મય પામી જતા હતા અને સ્વયં પોતે

હાજી હૂદ સાહેબના હાથ પર ઈમાન લાવી, કલ્મો પઢી ઈસ્લામ કબૂલ કરી લેતા હતા.

ઈસ્લામનો પ્રચાર બાદશાહોએ નથી કર્યો, ઈસ્લામ દુનિયાના ખૂણે ખૂણે પહોંચ્યો હોય તો સૂફી લોકોની પવિત્ર જીવનશૈલી થી માનવસેવાના કાર્યો થી ઈબાદતનો સાચો તરીકો, પયગમ્બરી આદર્શોની ઝલક જોઈને લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો છે. અને ઈસ્લામ તલવારથી ફેલાયો છે. એ વાત સાચી પણ એ તલવાર લોખંડની નહીં પરંતુ પ્રચારકોનાં અખ્લાક (સંસ્કાર)ની તલવાર હતી. શાયરે ખૂબ સરસ કહ્યું છે.

**રાસ્ત કી તેગથી જો થી ઉનકે પાસ**
**ખંજરે આહન નહીં, ખંજરે અખ્લાક થા**

હઝરત ખ્વાજા સુલ્તાન સૈયદ હાજી હૂદ રહેમતુલ્લાહ અલયહનો જન્મ હિ.સ. ૪૧૬ ઈ.સ. પ્રમાણે ૧૦૨૫માં સિરીયા દેશના ખનફૂર નામે નાના ગામમાં થયો હિ.સ. પ્રમાણે ૧૪૧૬ હિજરીમાં હાજી હૂદ સાએબની ૧૦૦૦મી સાલગીર ઉજવવામાં આવી હતી એ પ્રસંગે **"હૂદસ્મૃતિકા"** નામે સોવેનિયરનું પ્રકાશન કરવામાં આવ્યું હતું અને આપની દરગાહનું નવેસરથી બાંધકામ કરવાનું કામ હાજી હૂદ રહેમતુલ્લાહ અલયહના વંશજ હઝરત પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી બાપુ રૂપાલવાળાને સોંપવામા આવ્યું. અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી દરગાહ શરીફનું બાંધકામ સારી રીતે પૂરૂં થયું હતું.

હઝરત સૈયદ સુલ્તાન હાજી હૂદ રહેમતુલ્લાહ અલયહે ૫૧ વર્ષ સુધી પાટણમાં દીન અને કોમની ખિદમતને અંજામ આપીને ૧૨૦ (એકસો વીસ) વર્ષની ઉંમરે ૧૫મી રજબ હિ.સ.

૫૩૬ના દિવસે આ ફાની દુનિયાની વિદાય લીધી. વફાતની હિજરી સન પ્રમાણે ચાલુ વર્ષે આપની વફાતને ૯૦૦ વર્ષ પૂરા થઈ જાય છે. અને ૯૦૧ મો ઉર્સ ચાલુ વર્ષે ઉજવાશે ઈન્શાઅલ્લાહ આપની દરગાહ પાટણમાં ખાનસરોવર પાસે આવેલ છે. આપના મઝાર (કબર) શરીફને 'જન્નતુલ માવા'નો દરજ્જો હાંસિલ છે.

(હવાલા : તવારેખુલ ઔલિયા, તઝકિરતુલ અનસાબ, મુખબેરૂલ ઔલિયા, તારીખે સૂફિયા એ ગુજરાત અને ગુજરાતના ઔલિયા વિગેરે)

★

## માણસની દુનિયા અને આખેરત તબાહ (બરબાદ) કરી દેનારા ત્રણ ભયંકર ગુનાહ

જેનાથી માણસની દુનિયા અને આખેરત બરબાદ થઈ જાય છે. એ ગુનાહોની ભયાનકતાનું વર્ણન વાંચતા કે સાંભળતા કંપારી છુટી જાય છે. આ ત્રણ ગુનાહ એવા છે કે માણસની ઈજ્જત દૌલત, અને ઈમાન સુધ્ધા તબાહ થઈ જાય છે. જાન, માલ અને ઈમાનનો નાશ કરીને માણસને જહન્નમી બનાવી દે છે. એવા ભયંકર ગુનાહોથી દરેક મુસલમાને બચતા રહેવાની જરૂર છે. આવા ગુનાહોથી એજ વ્યક્તિ બચી શકે છે જેના સીનામાં અલ્લાહ તઆલાનો ડર (ખૌફ) હોય છે. જો પોતાની દુનિયા અને આખેરતને તબાહ-બરબાદ ના કરવી હોય તો અલ્લાહ થી ડરો અને આવા ગુનાહોથી દૂર રહો એ ત્રણે ગુનાહોની ભયાનકતાની એક ઝલક જૂઓ :

# (૧) જુગાર એટલે તબાહી

★ જુગર રમવો કબીરા ગુનાહ છે. જુગારથી મેળવેલ આવક હરામની આવક છે.

★ હરામ આવકનો એક કોળીયો પણ જેના પેટમાં જાય છે. તેનો કોઈ નેક અમલ ૪૦ દિવસ સુધી કબુલ થતો નથી.

★ જુગારમાં પત્તા, લુડો, શતરંજ, ચેસ પણ શામેલ છે. એનું ખરીદ અને વેચાણ પણ ના જાઈઝ છે. પોતાનું ખાવાનું હલાલ રાખો તમારી દુઆઓ કબુલ થશે.

★ તે બદન જન્નતમાં ના હશે જેને હરામનો ખોરાક આપવામાં આવ્યો.

★ સમય પસાર કરવા માટે કે આનંદ મેળવવા માટે પણ પત્તા અને ચેસ રમવું હરામ છે. કારણ કે એમાં જાનદારની તસ્વીરો હોય છે.

★ લોટરીનો વ્યાપાર કરવો કે તેની ટીકટ ખરીદવી પણ જુગારનો જ એક પ્રકાર છે. તે હરામ છે.

★ પોતાના બાળકોને લુડો-વિડિયો ગેમ્સ પણ રમવા દેવા નહિં.

★ બે તરફી શરત લગાવવી હરામ છે. પણ જો શરત એક તરફી હોય તો જાઈઝ છે. જેવી રીતે કે તુ જીતી જઈશ તો આટલુ ઈનામ આપીશ અને હું પોતે જીતુ તો તુ કઈ ના આપતો.

★ જુગાર એક એવી આદત છે, કે જેનાથી હસતા ખીલતા ઘર બરબાદ થઈ જાય છે.

★ જુગારથી ઘરની બરકત જતી રહે છે અને ઘરની શાંતિ

બરબાદ થઈ જાય છે.

★ જુગાર રમનારો ચારો તરફ હાથ ફેલાવતો અને હાથ મારતો અને લોકોને છેતરતો જઈ જાય છે.

★ કેટલાક લોકો ક્રિકેટની રમતમાં શંરત લગાડે છે. આ શરત પણ જુગાર છે.

★ જુગરીયાઓને બાયકોટ કરો એટલે કે જુગારીઓ સાથે ઉઠવું, બેસવું, ખાવું, પીવું છોડી દો અને જુગારીઓના પ્રસંગમાં ના જાઓ.

★ લગ્ન પ્રસંગે ઘણી જગ્યાએ જુગારની મહેફીલો જામતી હોય છે. દુલ્હા કે દુલ્હનના ઘરે બેસવાના બહાને જાહીલો પત્તા રમતા હોય છે. તો જરૂરી છે તેને બંધ કરવામાં આવે. આવા પત્તા રમનારાઓને આવવા નહિ દેવા, નહિ તો તેમને જોઈને ના રોકનારા પણ ગુનેહગાર છે.

★

## (૨) ઝિના - વ્યભીચાર

અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છે, "અને મોમિન તે છે જે પોતાની શરમગાહની હિફાઝત કરે છે."

એક મર્દ એક એવી ઔરતથી હમ બીસ્તરી કરે જેનો તે માલીક નથી મતલબ તેના સાથે નિકાહ નથી થયા. તેને ઝિના-વ્યાભિચાર કહેવામાં આવે છે. ભલે મર્દ ઔરત બન્ને રાઝી હોય આ ઝિના જ કહેવાશે.

એવી જ રીતે ધંધાવાળી-પેશાવર, બાજારી ઔરતોથી હમબીસ્તરી કરવી પણ ઝિના કહેવામાં આવશે.

★ શીર્ક પછી અલ્લાહના નઝદીક મોટો ગુનોહ ઝિના છે.

★ ઝિના બહુજ મોટો ગુનોહ છે અને બહુજ મોટી બલા છે.

★ ઝિનાથી ઈન્સાન ફના થઈ જાય છે.

★ જ્યારે કોઈ મર્દ-ઔરત ઝિના કરે છે. તો ઈમાન તેમના સીનામાંથી નિકળીને માથા પર ઠહેરી જાય છે.

★ ઝિનાથી ઝિન્દગી ઓછી થઈ જાય છે.

★ ઝિનાથી રીઝક આછુ થઈ જાય છે.

★ ઝિનાથી ચહેરાની ચમક ખતમ થઈ જાય છે.

★ ઝિનાખોરથી આખેરતમાં અલ્લાહ નારાજ થઈ જશે.

★ ઝિનાખોરની આખેરતમાં સખત પુછપરછ થશે.

★ ઝિનાખોર દોઝખમાં જશે અને સખત અઝાબ થશે.

★ ઝિનાખોરને લોખંડનું બખતર પહેરાવવામાં આવશે. જે આગથી બનેલું છે. જેનો વજન એટલો બધો છે. કે આ બખતરને મોટા પહાડ પર મુકી દેવામાં આવે તો પહાડ પણ રેઝા-રેઝા થઈ જાય.

★ સાતો આસમાન, સાતો જમીન અને પહાડ ઝિનાખોર પર લાનત કરે છે.

★ કયામતના દિવસો ઝિનાખોર મર્દ અનો ઔરતની શરમગાહોમાંથી બદબુ આવતી હશે કે દોઝખીયોને પણ

તકલીફ થશે.

★ જે કોઈએ પારકી શાદીશુદા ઔરતને ચુમ્બન કર્યું તે એવો છે કે તેણે ૭૦ કુંવારી છોકરીઓથી ઝિના કર્યો. એટલો ગુનોહ થશે.

★ અને જેણે કુંવારી છોકરીથી ઝિના કર્યો તે એવો છે કે તેણે ૭૦,૦૦૦ હઝાર શાદી શુદા ઔરતોથી ઝિના કર્યો.

★

## દારૂની ભયાનકતા

★ દારૂ પીનારા, દારૂ ગાળનારા, દારૂ ઉઠાવનારા, જેના માટે દારૂ લાવવામાં આવી છે તે અને દારૂની કિંમત ખાનારા બધાજ ગુનાહમાં બરાબર ભાગીદાર છે.

★ આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યું કે જેણે દુનિયામાં દારૂ પીધો તેને અલ્લાહ તઆલા જહન્નમી સાંપોનું ઝહેર પીવડાવશે.

★ દરેક જાતની દારૂ હરામ છે. ભલે પછી તે ગમે તે રૂપમાં હોય.

★ દારૂ નાપાક વસ્તુ છે.

★ દારૂ પીનારની ૪૦ દિવસ સુધી નમાઝ કબુલ થતી નથી.

★ હંમેશા દારૂ પીવા વાળો જન્નતમાં નહીં જાય.

★ હંમેશા દારૂ પીવા વાળો એજ હાલતમાં મરી ગયો તો

કયામતના દિવસે અલ્લાહના દરબારમાં એવી રીતે આવશે જેવી રીતે કે એક મુર્તી પૂજક.

★ હઝરત મૌલા અલી રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે, દારૂ એવું નાપાક છે. એનું એક ટીપુ કોઈ કુવામાં પડી જાય પછી ત્યાં મીનારો બનાવવામાં આવે તો હું એના પર અઝાન ના કહુ અને જે જગ્યાએ દારૂ પડી ગયું હોય અને સુકાઈ જાય અને ત્યાં ઘાસ ઉગે તો હું ત્યાં મારા જાનવરને ના ચરાવું.

★ દારૂ પીનાર પર શબે બરાતની રાત્રે પણ અલ્લાહ રહમતની નઝર નથી ફરમાવતો.

★ અફીણ-ભાંગ, હિરોઈન પણ નાજાઈઝ છે.

★ દારૂડીયાનો કયામતના દિવસો દોઝખીઓનો પરૂ પીવડાવવામાં આવશે.

★

## ઇસ્લામમાં દારૂ (શરાબ) હરામ શા માટે ?

ઈસ્લામના તમામ અહેકામોમાં માનવીની દુનિયા અને આખેરતની ભલાઈ છુપાયેલી છે. ઈસ્લામ જે વસ્તુને હલાલ (જાએઝ) કરાર આપે તેમાં જરૂર માણસ માટે ફાયદો જ હોય છે. અને જેને હરામ ઠેરવે છે તમાં ચોક્કસ દુનિયા અને આખેરતના નુકશાન સિવાય બીજું કાંઈ નથી, આ બાબત પૈકી શરાબ (દારૂ) વિષે અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહેબુબ સલ્લલ્લાહો

અલયહે વ સલ્લમ ના ફરમાનો શું છે તે જોઈએ.

કુરઆન અને હદીસ જેને નુકશાન કારક ઠેરવતી હોય તે વસ્તુ કદી પણ ફાયદા કારક બની શકતી નથી. જે લોકો તેને દિલો દિમાગને રાહત પહોંચાડવાનું સાધન સમજે છે. તે ખરેખર ખુબજ અફસોસની વાત છે. જે ખુદ બિમારીઓની જડ હોય જે ખુદ આપત્તિઓની મા હોય તે રાહત નું સાધન કઈ રીતે બની શકે ?

શરાબ (દારૂ) હરામ છે. નુકશાન કારક છે, બુરી છે, અનિચ્છનીય છે. દારૂડીયાથી દરેકને અણગમો પણ જરૂર હોય છે. દુનિયાનો દરેક સમજદાર માણસ તેનાથી નફરત કરતો રહ્યો છે, તે તો એક ખુલ્લી વાત છે. પરંતુ ઈસ્લામે તેને હરામ ઠેરવીને તેનાથી જ ભયંકર અંજામ આવે છે તેનું સ્પષ્ટ ઉલ્લેખ કરી બતાવ્યો છે. શરાબ (દારૂ) કેવી ખતરનાક વસ્તુ છે તે આપણે કુરઆને મજીદ અને હદીસે પાકની રોશનીમાં જોઈએ.

ઘણા અફસોસ સાથે લખવું પડે છે કે આપણા કેટલાક ભોળા મુસલમાનો પણ આ ખતરનાક અને દરેક બુરાઈની જડ એવી અતિ નુકશાન કર્તા શરાબના ધંધામાં રોકાયેલા છે. યાદ રહે કે શરાબનો વેપાર અને દલાલી તેમજ બનાવટ તમામ હરામ છે. પીનાર, બનાવનાર, વેચનાર, આપનાર, લેનાર એક સરખા ગુનેહગાર છે.

વ્હાલા બિરાદરો, શરાબ માટે ઈલાહી અને નબવી ફરમાનો શું છે તે જાણો અને જલ્દીથી જલ્દી આ કબીરા ગુનાહથી તૌબાહ કરો.

કુરઆને મજીદ ફુરકાને હમીદમાં અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે,

**"યા અય્યોહલ લઝીના આમનુ ઇન્નમલ ખમરો વલ મયસેરો વલ અનસાબો વલ અઝલામો રીજસુમ મીન અમલીશ્શયતાને ફજતનેબુહો લઅલ્લકુમ તુફ્લેહુન ઇન્નમાં યોરીદુશ્શયતાનો અય્યુકેઅ બૈનકુમુલ અદાવત વલ બગદા ફીલ ખમરે વલ મયસેરે વયુસદ્દકુમ અન ઝિક્રીલ્લાહે વ અનિસ્સલાતે ફહલ અન્તુમ મુનતહુન"**

-(સુરએ માએદાહ પારા-૭, રૂકુઅ-૨)

(અર્થાત : હે મુસલમાનો ! દારૂ, જુગાર, બુતપરસ્તી, બદફેઅલી ગંદા ધંધા છે. શયતાની કામ છે, તેનાથી દુર રહો જેથી તમે કામયાબ થાવ. જુઓ શયતાન એ છે કે જે દારૂ અને જુગાર વડે તમારા દરમિયાન અદાવત (દુશ્મનાવટ) કીનો (ઈર્ષા) પેદા કરે છે. અને અલ્લાહની યાદથી અને નમાઝથી દુર રાખે છે. શું તમે એવા બુરા કામોથી બચ્યા ?)

ઉપરોક્ત આયતની તફસીરમા 'તફસીરે કાદરી'ના કર્તાએ શરાબ (દારૂ) હરામ હોવા પર દશ(૧૦) દલીલો રજુ કરી છે તે પણ જોઈ લઈએ.

(૧) અલ્લાહ તઆલાએ શરાબને જુગારની સાથે વર્ણન કર્યુ છે, અને જુગાર હરામ છે, માટે તેની સાથે વર્ણવેલી વસ્તુ શરાબ પણ હરામ છે.

(૨) શરાબનું બયાન બુતપરસ્તી (મુર્તિપુજા) સાથે થયું છે, શિર્ક દરેક હરામ વસ્તુઓની સરદાર છે. માટે તેની સાથે વર્ણવેલી વસ્તુ શરાબ પત હરામ થઈ.

(૩) શરાબને પલીદ કહેવામાં આવી છે. જે વસ્તુ પલીદ હોય તે

હરામ છે.

(૪) એને શયતાની કામ ઠેરવવામાં આવ્યું છે માટે જે કામ શયતાની હોય તે નિઃશંક હરામ છે.

(૫) અલ્લાહ તઆલા શરાબથી દુર રહેવાનો હુકમ આપે છે જેનાથી દુર રહેવું ફર્ઝ બનતુ હોય તો તે હરામ છે.

(૬) શરાબથી બચનારને છુટકારો મળશે, જે વસ્તુથી બચવામાં છુટકારો (નજાત) હોય તે હરામ છે.

(૭) શરાબ અંદરો અંદર દુશ્મનાવટ (અદાવત) પૈદા કરે છે, જે વસ્તુ અદાવત પૈદા કરે તે હરામ છે.

(૮) એ અલ્લાહની યાદ (ઝિક્રૂલ્લાહ) થી દુર રાખે છે જે અલ્લાહની યાદથી દુર રાખે તે હરામ છે.

(૯) શરાબ નમાઝથી દુર કરે છે (રોકે છે) માટે જે વસ્તુ નમાઝથી રોકતી હોય તે હરામ છે.

(૧૦) અલ્લાહ તઆલાએ એનાથી બચવાનો હુકમ કર્યો છે, એટલે તેને છોડી દેવું ફર્ઝ બને છે જેને છોડવું ફર્ઝ બનતુ હોય તે બેશક હરામ છે. -(હવાલા 'તફસીરે કાદરી' ભાગ-૧, પેજ ૨૪૩)

સુરએ બકરહ પરા ૨ માં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે,

**"યસઅલુનક અનિલ ખમરે વલ મયસેરે કુલ ફીહી મા ઇસમુન કબીર"**

(અર્થ : આપને દારૂ અને જુગાર વિષે પુછવામાં આવે તો

ફરમાવી દો કે તે બન્નેમાં બહુજ મોટો ગુનાહ છે.)

આપણે કુરઆને પાકની રોશનીમાં શરાબની બુરાઈ અને તેના હરામ હોવની હકીકત જોઈ. હવે હદીસશરીફના પ્રકાશમાં પણ આ વિષયને વિસ્તૃત રીતે જોઈએ.

(૧) હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર (રદીઅલ્લાહો અન્હો) થી રિવાયત છે કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ ફરમાવ્યું કે,

**"મન શરેબલ અમર લમયકબલ્લાહો સલાતન અર બઈન સબાહન વ ઈત્તાબ તાબલ્લાહો અલયહે"**

(અર્થ : જેણે દારૂ પીધો તેની ચાલીસ દિવસની નમાઝ અલ્લાહ તઆલા કબુલ કરતો નથી. પણ જો તૌબાહ કરે તો તૌબહ કબુલ કરે છે.) (મીશ્કાત શરીફ પાના નં. ૩૧૭)

(૨) હઝરત ઉમ્મે સલમા (રદીયલ્લાહો અન્હા) થી રિવાયત છે કે, રસુલુલ્લાહ ફરમાવ્યું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ :

**"કુલ્લો મુસ્કેરીન ખમરૂન વ કુલ્લો મુસ્કેરીન હરામુન"**

(અર્થ : હર નશો આપનાર ચીઝ શરાબ છે, અને હર નશો આપનાર ચીઝ હરામ છે.) -(મીશ્કાત શરીફ પાના - ૩૧૮)

(૩) હઝરત જાબીર (રદીયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, ફરમાવ્યું રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ :

**"મા અસકર કસીરોહુ ફ કલીલોહુ હરામુન"**

(અર્થ : જે વસ્તુ વધારે પીવાથી નશો કરતી હોય તે થોડી પીવી પણ હરામ છે.) -(મીશ્કાત શરીફ ૩૧૭)

(૪) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ ફરમાવ્યું છે કે,

**"ઇજતનેબુલ ખમર ફઇન્નહા ઉમ્મુલ ખબાઇસ"**

(અર્થ : દારૂથી દુર રહો બુશક તે દરેક ખબાસત (બુરાઈઓ)ની મા છે.) (અલ હદીશ)

(૫) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે,

**"વલા તશરેબીલ ખમર ફઇન્નહા મિફતાહો કુલ્લ શર્રિન"**

(અર્થ : દારૂ ના પીઓ બેશક (નિઃશંક) તે દરેક ગુનાહની ચાવી છે.) -(બહેકી શરીફ)

(૬) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે,

**"અલ ખમરો જેમા ઉલ ઇસ્મ"**

(અર્થ : દારૂ (શરાબ) બધા ગુનાહોનો સરવાળો એટલે સંગ્રહ (મજમુઆ) છે.)

(૭) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે, જેનું અલ્લાહ તઆલા અને કયામત ઉપર ઈમાન હોય તે શરાબ (દારૂ) ના પીએ અને એવા દસ્તરખ્વાન પર ના બેસે જેના પર શરાબ પીવામાં આવતી હોય. -(તીબ્રાની)

(૮) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે, દારૂ પીવાથી બચો, ખુદાના સોગંદ, ઈમાન અને દારૂ માણસના સીનામા એકત્ર થઈ શકતા નથી. એટલે કે ટુંક સમયમાં જ એક આવે છે તો બીજો ચાલ્યો જાય છે. મતલબ કે જે ઈમાનવાળો હશે તે દારૂડીયો નહિ હોય અને જે દારૂડીયો હશે તે ઈમાનવાળો નહિં હોય. -

(બહેકી શરીફ)

(૯) હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે, દારૂડીયાની ૪૦ દિવસની નમાઝ કબુલ થતી નથી તે ખુદાની રહેમતથી વંચિત થઈ જાય છે. અને નશાની હાલતમાં મરી જાય તો તેની મૌત મુર્તિપુજકની જેવી થશે. (અલ્લાહની પનાહ) (બહેકી શરીફ)

કુરઆને પાક અને હદીષ શરીફથી શરાબ (દારૂ) ની ખરાબીઓ જાણવા મળી, એ પણ સ્પષ્ટ થઈ ગયું. કે દારૂની જેમ ગાંજો, ચરસ, ભાંગ, અફીણ પણ ઈસ્લામી શરીઅતમાં હરામ છે. હર નશો લાવનાર દરેક વસ્તુ હરામ છે.

યાદ રહે કે કુરઆને પાકમાં 'ખમર' શબ્દ વપરાયો છે 'ખમર' નો અર્થ ફક્ત શરાબ થતો નથી 'ખમર' એટલે એ તમામ ચીજો જેનાથી નશો ચઢે મતલબ કે 'ખમર' ના અર્થમાં શરાબ (દારૂ) ચરસ, ગાંજો, ભાંગ અને અફીણ વિગેરે આવી જાય. -

(તફસીરે કાદરી)

આજ પ્રમાણે હદીસ શરીફમાં આવ્યુ છે કે હર નશો આપનાર ચીઝ હરામ કુર્આન અને હદીસની મનાઈ હોવા છતાં આજે કેટલાક મુસલમાનો આ હરામ ફેલની આદતોમાં સપડાયેલા

છે. ઈસ્લામે જેને હરામ ઠેરવી છે તેનો છુટથી ઉપયોગ કરતા થયા છે. જાહેર મહેફીલો રચે છે. અને બેધડક કોઈ પણ ડર કે શેહ-શરમ વિના હરામ વસ્તુઓ પીતા રહે છે. જેમાં કેટલાક જાહિલ કહેવાતા મસ્ત ફકીરો તો ગાંજો, ભાંગ, અફીણની બેહુદા તારીફ કરતા ભોળા જાહિલ મુસલમાનોને ગુમરાહ કરે છે કે આ ખુદા સાથે લય લગાડવાનું સાધન છે. 'નઉઝો બિલ્લાહે મીનહુમ' આ શયતાની એજન્ટો પોતાની દુનિયા બરબાદ કરી હુઝુર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના ઉમ્મતીઓને બરબાદ કરે છે અલ્લાહ અને તેના રસુલ સાથે જંગ કરી રહ્યા છે. ઈસ્લામે જેને કત્તઈ હરામ કહ્યા છે તેમાં આ લોક અને પરલોક બન્નેનું નુકશાન છે તેમાં શંકા નથી.

શરાબથી શૈતાન લોકોમાં અદાવત, બુગ્ઝ કીનો પૈદા કરે છે, શરાબ (દારૂ) શૈતાનનો ઉત્તમ હથીયાર છે. બંદાને નમાઝથી રોકે છે. નેકીઓથી દુર રાખે છે. દરેક નશાવાળી વસ્તુ પીવાથી માનવીને શારિરીક નુંકશાન થાય છે, ખતરનાક બિમારીઓ એટલે જીવલેણ રોગ લાગુ પડે છે. બુધ્ધિ અને વિચાર શક્તિ નષ્ટ થાય છે. નશાની હાલતમાં ન કરવાના કામ કરીને પાછળથી પસ્તાવા સિવાય કાંઈ રહેતું નથી.

લોકોમાં, સમાજમાં દારૂડીયાનું કોઈ સ્થાન હોતું નથી. ઈઝઝત અને આબરૂનું લિલામં થાય છે. કોઈપણ તેનો વિશ્વાસ કે ભરોસો કરતા નથી. દરેક તેને નફરતથી નજરથી જુએ છે, આ બધી વાતો નુકશાન તો ફક્ત દારૂડીયા (શરાબી) માણસની પોતાની જાત પુરતી હતી પણ જે કુટુંબમાં એક શરાબી હોય તે આખા કુટુંબની હાલત પણ દયાજનક બની જાય છે. તેના માં-બાપ, પત્નિ-બાળકો સગા વ્હાલા બધાજ દુઃખી અને પરેશાન હોય છે.

હુકુમતની નજરમાં તે ગુનેહગાર અને હલકો ગણાય છે. તેના જાનંમાલની સલામતી રહેતી નથી. શરાબીના ઘરબાર, માલ-મિલ્કત અને ઘરેણા સુધી વેચાઈ જાય છે. તેના બાળકોનું ભવિષ્ય ખરાબ થાય છે તે આળસુ અને પ્રમાદી બને છે કામ ધંધો કે મજુરી કરવાની દાનત થતી નથી ઘરમાં બીબી-બચ્ચાઓને મારઝુડ કરે છે. ઝુલ્મી બને છે. શરાબ પીવા પૈસો નથી મળતો એટલે ચોરી અને દગાબાજી, છેતરપિંડીના ધંધા કરે છે. તેના બાળકોનું પુરૂ પોષણ થતુ નથી તેઓ ન ભણી શરે છે ન પઢી શકે છે. અર્થાત એક શરાબી (દારૂડીયો) એક નવી પેઢી માટે દુઃખ અને ઝુલ્મ પહોંચાડનાર દુશ્મન સાબીત થાય છે. શરાબ લડાઈ ઝગડાનું મુળ છે. દુશ્મનાવટ-વેરઝેર તેના ફળ-ફુલ છે.

**"શરાબી શરાબને નથી પીતો**
**શરાબ જ શરાબીને પી જાય છે."**

હદીસેપાકમાં છે કે, **"અલ ખમરો ઉમ્મુલ ખબાઈસે"** (દારૂ બુરાઈઓની માં છે.) દરેક ખોટા કામોની જનેતા શરાબ છે તેમાંથી જ તમામ બુરા કામોનો જન્મ થાય છે જુગાર, ઝીના અને અન્ય બુરાઈઓ આ મહા લાનતી હરામ કાર્ય (શરાબનોશી) તેને વ્હોરી લાવે છે.

જરા વિચાર કરો કે અલ્લાહના મહાન નબી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જેને તમામ નઠારા કામની જડ અને માતા કહેતા હોય. તે ફાયદાની કે રાહત પહોંચાડવાની ચીઝ કઈ રીતે બને ?

દુનિયામા જ તેનાથી થતો નુકશાન નરી આંખે જોઈને પણ માનવી આ બુરા કામથી ના બચે તો સમજી લેવું જોઈએ કે તે

ઈમાનથી ખારીજ થઈ ગયો છે.

જો નશાની હાલતમાં મૌત થાય તો તે કાફીરની મૌત ગણાશે. જે સૌથી બુરી મૌત છે. દારૂનો ઉપયોગ દવા તરીકે કરવો પણ હરામ છે. જે પોતે એક બિમારી છે. તે દવા કઈ રીતે બને ? કેટલાક જાહિલ તેને દવા તરીકે માલીશમાં ઉપયોગ કરતા હોય છે. આ ખરેખર અફસોસની વાત છે ! જે પલીદ છે, નાપાક છે તેનો માલીશ તરીકે ઉપયોગ પણ હરામ છે. તેનાથી બદન અને કપડાં નાપાક થાય છે. નાના બાળકોને પણ દવા તરીકે કોઈપણ નશાવાળી વસ્તુ આપવી હરામ છે. આવા લાનતી કાર્યોથી વહેલી તકે તૌબાહ કરવી જોઈએ. બચતા રહેવું જોઈએ. ખુદાની બારગાહમાં તેનાથી પનાહ (રક્ષણ) માંગવી જોઈએ...

★

# આદર્શ જીવનનો સંદેશ

★ જીંદગીનું પહેલું કપડું, જેનું નામ ઝબલું છે,
પણ જેમાં ખિસ્સુ હોતું નથી.

★ જીંદગીનું છેલ્લું કપડું કફન છે,
પણ એમાંય ખિસ્સુ હોતું નથી.

★ તો વચગાળાના ખિસ્સા માટે આ ઉપાધિ શા માટે ?
આટલી બધી દોડધામ શા માટે ?
આટલા દગા અને પ્રપંચ શા માટે ?

★ શરીરમાં વહી રહેલ લોહીનું ગૃપ ચેક કરાય છે,
જુઓ તો એ કયા ગૃપનું છે ?
પોઝેટીવ કે નેગેટીવ ? એ.બી.સી.માં છે કે પછી ?

★ લોહી લેતાં પહેલા એ કયા ગૃપનું માફક આવશે એ પણ ચેક કરાય છે.

★ ત્યારે જીવનમાં પૈસા કમાતા એ કયા ગૃપના છે ? એ ચેક કરી લેજો.

★ ન્યાયના છે ? હાયના છે ? કે હરામના છે ?

★ ખોટા ગૃપના પૈસા ઘરમાં આવી જવાથી શું થાય છે ?
અશાંતી, વેરઝેર, કલેશ, કંકાસ.

★ હાયનો, હરામનો પૈસો ક્યાં જાય છે ?

જીમખાના, કલબો અને બારમાં (દારૂનો અડ્ડો).

★ બેન્ક બેલેન્સ વધે, પણ ફેમીલી બેલેન્સ (સહકાર) ઓછું થાય તો આપણે સમજી લેવું પડશે છે...

જીવનમાં કમાયેલો પૈસો આપણને કામ આવતો નથી.

★★★

**ન સમજોગે તો મીટ જાઓગે અય હિન્દી મુસલમાનોં**
**તુમ્હારી દાસ્તાં તક ન હોગી દાસ્તાનો મેં.**

- : પ્રકાશક : -

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ. રૂપાલ, તા-બાવલા - ૩૮૨૨૨૦

# અપીલ

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી તેના પ્યારા નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકા અને તુફૈલથી બુઝુર્ગોની દુઆથી અમારી કમિટી તેનું ૩૦મું પ્રકાશન "ઈસ્લામની ઓળખ" એક નાનકડી બુકના રૂપમાં આપના મુબારક હાથોમાં મૂકતા આનંદ અને ગૌરવ અનુભવે છે.

આ કિતાબની પ્રથમ આવૃત્તિ ઈ.સ.૧૯૯૧માં સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ તરફથી પ્રસિદ્ધ થઈ ચૂકી છે. સમયની માંગને માન આપીને અમે તેની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી રહ્યા છીએ. વિષય નાનો છે પણ ઘણો જ ઉપયોગી અને સચોટ હવાલા સહ છે. આપને પણ પસંદ પડશે ઈન્શાઅલ્લાહ.

આપથી નમ્ર અપીલ છે કે અમારી આ ખિદમત ગમી હોય તો અમારા હકમાં દુઆએ ખૈર કરશોજી અને સતત આ ખિદમત ચાલુ રહે તે માટે નીચેના સરનામે તમારી મદદ મોકલતા રહેશોજી, વસ્સલામ.


## સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદઆબાદ

પીન :- ૩૮૨૨૨૦